# આવતીકાલથી ફરી વરસાદનું જોર વધશે

## રાજ્યમાં બે દિવસ વરસાદી માહોલ રહેશે : પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૪૯૯.૨૩ મી.મી. વરસાદ સાથે અત્યારસુધી સરેરાશ ૬૧.૯૨% વરસાદ પડ્યો છે

ગુજરાતમાં આગામી બે દિવસ વરસાદી વાતાવરણ રહે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. જે બાદમાં એટલે કે આગામી ૧૯ અને ૨૦ સપ્ટેમ્બરથી રાજ્યમાં ફરીથી વરસાદનું જોર વધશે. આ બંને દિવસ દરમિયાન રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ તરફથી આપવામાં આવી છે. ગુજરાતમાં અત્યારસુધી સરેરાશ ૭૨.૮૬ ટકા સરેરાશ વરસાદ વરસી ગયો છે. ગુજરાત હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે, ૧૭ અને ૧૮ તારીખના રોજ રાજ્યમાં વરસાદી માહોલ રહેશે. ૧૯ અને ૨૦ તારીખથી રાજ્યમાં ફરીથી વરસાદનું જોર વધી શકે છે. ગુજરાતમાં અત્યારસુધી પડેલા વરસાદની વિગત જોઈએ તો સરેરાશ ૭૨.૮૬% વરસાદ પડ્યો છે. ઝોન પ્રમાણે વાત કરીએ તો કચ્છમાં અત્યારસુધી ૭૫.૦૨% સરેરાશ વરસાદ પડ્યો છે. વિસ્તારમાં કુલ ૩૩૧.૮૦ મી.મી. વરસાદ પડ્યો છે. ઉત્તર ગુજરાતમાં ૪૦૬.૬૯ મી.મી. વરસાદ સાથે સરેરાશ ૫૬.૭૬% વરસાદ નોંધાયો છે. પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૪૯૯.૨૩ મી.મી. વરસાદ સાથે અત્યારસુધી સરેરાશ ૬૧.૯૨% વરસાદ પડ્યો છે. સૌરાષ્ટ્રની વાત કરીએ તો ૬૦૨.૯૫ મી.મી. વરસાદ સાથે સરેરાશ ૮૬.૦૬% વરસાદ પડ્યો છે. દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો અહીં સિઝનનો કુલ ૬૦૨.૯૫ મી.મી. વરસાદ પડ્યો છે. જેની સરેરાશ ટકાવારી ૭૩.૪૧% થાય છે. આ રીતે ગુજરાતમાં અત્યારસુધી સરેરાશ ૭૨.૮૬ ટકા સરેરાશ વરસાદ વરસી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૫૦ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં ૩૭ તાલુકામાં એક ઈંચ કરતા વધુ વરસાદ પડ્યો છે. ૧૧ તાલુકા એવા છે જ્યાં બે ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો છે. જાંબુઘોડામાં ૮૬ મી.મી., ખંભાળિયામાં ૮૩ મી.મી., લુણાવડામાં ૭૨ મી.મી., વરસાદ પડ્યો છે. ભારે વરસાદને પગલે હાલ એસ.ટી.ના અમુક રૂટ પ્રભાવિત થયા છે. ૧૭મી સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યાની સ્થિતિએ ગુજરાતમાં હાલ ૩૦ રૂટ પર એસ.ટી. બસ સેવા બંધ છે. જામનગરમાં સૌથી વધારે ૧૬ રૂટ પર બસ સેવા બંધ છે. રાજ્યના લોકો માટે આનંદના સમાચાર છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. ઉપરવાસમાં સારા વરસાદને પગલે ડેમમાં પાણીની આવક થઈ રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ડેમની સપાટીમાં ૧૯ સે.મી.નો વધારો થયો છે. ઉપરવાસમાંથી ડેમમાં હાલ કુલ ૨૨,૭૯૭ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જેના પગલે હાલ ડેમની સપાટી ૧૨૧.૦૬ મીટર થઈ છે. ડેમ પોતાના રૂલ લેવલથી થોડો જ દૂર છે. સરદાર સરોવર ડેમનું રૂલ લેવલ ૧૨૧.૯૨ મીટર છે. હાલ ડેમ ૬૦% ભરાયેલો છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ના હવે પાર્ટી બદલવાનો ઇરાદો નથી... નવો જન્મ લેવો એ એક માત્ર ઉપાય છે...!!


ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓએ શહેરના રાજકીય વાતાવરણમાં હલચલ મચાવી છે. આમ આદમી પાર્ટી ઉત્સાહમાં જોવા મળી રહી છે. આપના કાર્યકરો ડોર ટુ ડોર પ્રચાર કરી રહ્યા છે. ખ-૩ થી ઘ-૩ સર્કલની વચ્ચે આમ આદમી પાર્ટીના ઝંડા અને તોરણ લાગી ચૂક્યા છે. કાર્યકરોએ ઉલ્લાસભેર ચૂંટણી પ્રચારમાં ઝંપલાવી દીધુ છે.

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને ૭૧ હજાર વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૧માં જન્મદિવસે અમદાવાદના લાલ બહાદુર શાસ્ત્રી તળાવ ખાતે નવનિર્મિત "નરેન્દ્ર મોદી વન" માં રેકોર્ડ બ્રેક ૭૧ હજાર વૃક્ષારોપણ કરીને પ્રકૃતિ પ્રેમ સાથે પ્રકૃતિના જતનનો સંદેશો આપ્યો હતો.

૭૧ હજાર વૃક્ષો અમદાવાદ શહેરના ગ્રીન કવર વિસ્તાર વધારવામાં મદદરૂપ બનશે તેવું જણાવી મુખ્યમંત્રીએ રાજ્યના નગરો-મહાનગરોમાં પણ વધુમાં વધુ વૃક્ષો વાવીને પર્યાવરણની જાળવણી થાય અને નાગરિકોને શુદ્ધ પ્રાણવાયુ મળે તે માટે ગ્રીન કવર વધારવાની નેમ વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા કહ્યું કે નરેન્દ્રભાઈ નોખી માટીના નોખા માનવી છે. તેઓએ ગરીબોના બેલી છે એટલે જ રાજ્ય સરકાર દ્વારા આજે તેમના ૭૧માં જન્મદિવસના ઉપલક્ષ્યમાં



રાજ્યભરમાં ૩૭૫ થી વધુ ગરીબ હિતલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે તેમના મુખ્યમંત્રી પદના કાર્યકાળના પર્યાવરણલક્ષી કાર્યોને યાદ કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ભવિષ્યમાં પર્યાવરણ ક્ષેત્રે ઉભા થનારા પડકારોને ધ્યાનમાં રાખી નરેન્દ્રભાઈની દૂરંદેશીતાના પરિણામે ગુજરાત રાજ્યમાં ૨૦૦૯ માં અલાયદુ કલાયમેટ ચેન્જ વિભાગ શરૂ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું કે અગાઉ ફક્ત ગાંધીનગરમાં ઉજવાતા વન મહોત્સવનું ૨૦૦૯ થી રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ઉજવણીની શરૂઆત પણ નરેન્દ્રભાઈ મોદીએ કરી હતી. આ વનમહોત્સવની જિલ્લા સ્તરે શરૂઆત કરીને તેમણે જન-જનને વનથી જોડ્યા છે.

જિલ્લા સ્તરે સાંસ્કૃતિક, ઐતિહાસિક અને ધાર્મિક મહત્વના આધારે આજે વનમહોત્સવની આ ઉજવણી રાજ્ય સ્તરે પ્રચલિત બની છે જેના થકી જનમાનસ પર પ્રકૃતિપ્રેમની નવઉર્જાનો સંચાર પણ થયો છે. આજે રાજ્યભરમાં વર્ષ ૨૦૦૪ થી ૨૦૨૧ સુધીમાં કુલ ૨૧ સાંસ્કૃતિક વનોની સ્થાપના થઈ છે.


પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૧ માં જન્મદિવસ નિમિત્તે દેશના વિવિધ શહેરોમાં અનેકવિધ રીતે ઉજવણી કરી લોકઉપયોગી કાર્યો કરવામાં આવ્યા હતા. જેમાં મુખ્યત્વે પર્યાવરણનુ જતન કરવાની ભાવના સાથે હરિયાળીનો વ્યાપ વધારવા માટે નવા રોપાઓની વાવણી કરવામાં આવી હતી બીજીતરફ બરોડાના પરંપરા કલાકાર ગૃપ દ્વારા વિશિષ્ટ પ્રકારની રંગોળી કરવામાં આવી હતી. પરંપરા ગૃપના ઉદય કોરડે , સંકેત જોષી , મીટલી ખટાઉકર, મયુર માલી, નિકી ઝાલા, વિનાયક તામ્બેકર, શ્રુતિ ચાફેકર, ધ્રુવિલ પંચાલ, મનોજ બોરસે , ધનશ્રી બોરસેએ સાથે મળીને ૨૦ કલાકના સમયગાળામાં ૭૧ ફુટની અદભુત રંગોળી તૈયાર કરી હતી. આ અદભુત રંગોળી તૈયાર કરવા માટે ડો ભારત ડાંગરે પણ સહયોગ અને પ્રોત્સાહક બળ પુરુ પાડયુ હતુ.

# મુખ્યમંત્રીની વડીલ વત્સલ વ્હાલપ...

ગાંધીનગર, તા. ૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ અવસરે અમદાવાદ જિલ્લાના કાસિન્દ્રામાં આવેલી સત્ય સાઈ હોસ્પિટલમાં આયોજિત કાર્યક્રમ દરમ્યાન આ હોસ્પિટલમાંથી હૃદયરોગની સારવાર મેળવી સાજા થઈ પોતાના ઘરે જઈ રહેલા એક નાના ભૂલકાને તેડી લઈ વડીલ વાત્સલ્ય વરસાવ્યું હતું.

આવા ૧૫ જેટલા બાળકોને હોસ્પિટલમાંથી સારવાર બાદ આજે રજા અપાતા મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં કેક કટિંગ કરી પ્રધાનમંત્રીના જન્મ દિવસની પ્રતિક રૂપ ઉજવણી પણ બાળકો સાથે કરવામાં આવી હતી.

# સાદરા ખાતે આયુર્વૈદિક નિદાન મેગા કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

સાદરા ગ્રામ પંચાયત કોમ્યુનિટી હોલમાં આયુર્વેદ-હોમિયોપેથી નિદાન સારવાર મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મધુમેહ, સ્થૌલ્ય, વ્યંધત્વ, બાળરોગ, જનરલ ઓપીડીની સારવાર વિનામૂલ્યે કરવામાં આવી હતી. ગાંધીનગર નિયામક આયુષ્યની કચેરીના માર્ગદર્શન અને જિલ્લા પંચાયતના સહયોગથી આ મેગા કેમ્પ યોજાયો હતો. ધારાસભ્ય શંભુજી ઠાકોરના આશિર્વાદ પ્રવચનથી ગુજરાત વિદ્યાપીઠ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના ૨૧ વિદ્યાર્થીઓ દ્વારા કોરોના મહામારીથી બચવાના ટૂંકા સૂત્રો સભા સમક્ષ રજૂ કર્યા હતા. જેમાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવુંએ પૂર્વ તૈયારી કરી મદદરૂપ થયા હતા.


ગાંધીનગરમાં ઘરે ઘરેથી કચરો ઉઠાવવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સે. ૧૨ સિવિલ હોસ્પિટલના આવાસોમાં હાલમાં ઘણા વસાહતીઓ વસવાટ કરે છે. આ ઉપરાંત નર્સિંગ હોસ્ટેલ અને મેડીકલ હોસ્ટેલમાં ઘણા વિદ્યાર્થીઓ રહે છે. જેના કારણે અહીંથી કચરો ખૂબ જ એકત્ર થાય છે. કચરાની ગાડીમાં ઠાંસી ઠાંસીને અહીં કચરો ભરવામાં આવી રહ્યો છે.

# વેક્સિન નહીં લીધી હોય તે એએમટીએસમાં પ્રવાસ નહીં કરી શકે

## કાંકરિયા, રિવરફ્રન્ટ, લાઇબ્રેરી, સ્વિમિંગ પુલ, જીમખાના સહિતના સ્થળોએ વેક્સિન લેનારને જ પ્રવેશ

અમદાવાદ, તા.૧૭

વેક્સિન અંગે હવે સરકારે એક પછી એક કડક નિર્ણયો શરૂ કર્યા છે. વેક્સિન નહી લેનારા લોકો પર ગાળીયો કસવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કડક નિર્ણયો લેવાની શરૂઆત કરવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હવે કોર્પોરેશનની કોઈ પણ સુવિધાના ઉપયોગ માટે ફરજીયાત રસીકરણ કરાવવું પડશે. સામાન્ય બસ સર્વિસનો લાભ લેવા માટે પણ જો રસીકરણ નહી કરાવ્યું હોય તો સેવાનો લાભ લેવા દેવામાં નહી આવે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસે ઐતિહાસિક રસીકરણ કર્યા બાદ કોર્પોરેશન દ્વારા ઐતિહાસિક નિર્ણય પણ લેવામાં આવ્યો હતો. જેના અંતર્ગત એએમટીએસ કે બીઆરટીએસ બસની સુવિધાનો લાભ લેવા માટે પણ વેક્સિનેશન ફરજીયાત કરાયું છે.

કોર્પોરેશન દ્વારા સંચાલિક કાંકરિયા લેક, રિવરફ્રન્ટ, લાઈબ્રેરી, સ્વિમિંગ પુલ, જીમખાના, સીવી સિવિક સેન્ટર સહિત કોર્પોરેશનની કોઈ પણ સુવિધાનો લાભ લેવા માટે ફરજીયાત વેક્સિનેશન કરાવવું પડશે. એએમસીની કોઈ પણ બિલ્ડિંગમાં પ્રવેશ માટે રસીકરણ ફરજીયાત કરવામાં આવ્યું છે.

રસીકરણ થયાનું સર્ટિફિકેટ ડિજિટલી રજુ કર્યા બાદ જ પ્રવેશ આપવામાં આવશે. કોર્પોરેશન દ્વારા વેક્સિનેશનના ચેકિંગ માટે અલગ અલગ સ્કવોર્ડની રચના પણ કરવામાં આવી છે. આ ઉપરાંત સિક્યુરિટી સ્ટાફને પણ વેક્સિનેશન અંગેની ચકાસણી કર્યા બાદ જ લોકોને પ્રવેશ આપવા માટે સુચના આપવામાં આવી છે. એટલે હવે જો તમારે શહેરમાં ફરવું પણ હશે તો વેક્સિનેશન ફરજીયાત પણે કરાવ્યું હોય તે ખુબ જ જરૂરી બની ગયું છે.

### વેક્સિનેશન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જિલ્લાના અધિકારીઓ આજે સતત લક્ષ્યાંક સુધી પહોંચવા માટે દોડાદોડી કરતા જણાયા હતા. જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ પણ મોડે સુધી તેમની કચેરીમાં બેસી અને મોનીટરીંગ કરતા જણાયા હતા.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૦૦ થી વધુ વેક્સિનેશન સાઈટો નિયત કરવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર શહેરમાં આજે ૫૦ જેટલા વેક્સિનેશન સેન્ટર પર વેક્સિનેશન મહા અભિયાન અંતર્ગત ૧૧ હજાર જેટલા લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

મળતી વિગતો દ્વારા મનપા વિસ્તારમાં અત્યાર સુધી રસીના ૫,૦૫,૬૮૦ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જેમાંથી ૩,૪૨,૪૦૪ લોકોને વેક્સિનો પ્રથમ ડોઝ અને ૧,૬૩,૨૭૬ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપવામાં આવ્યા હતા.

વેક્સિનેશન અભિયાન હેઠળ ૯૫ ટકાથી વધુ લક્ષ્યાંક પ્રાપ્ત થયો છે. બીજા ડોઝમાં આ લક્ષ્યાંક ૬૦ ટકાની નજીક છે. રસીકરણના મહા અભિયાનને સફળ બનાવવા માટે મનપાની આરોગ્ય શાખાના ૧૫૦ થી વધુ કર્મયોગીઓ સવારથી ખડેપગે સેવાઓ બજાવી અને કોઈ ખોટી ભીડ ના થાય તેમજ લાભાર્થે તકલીફ ના પડે તેની કાળજી લીધી હતી. મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલે ઝુંડાલ વેક્સિનેશન સેન્ટરની મુલાકાત લઈ કર્મયોગીઓના ઉત્સાહને બિરદાવી અને તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

૧૬મી જાન્યુઆરીથી જિલ્લામાં વેક્સિનેશન અભિયાનનો આરંભ થયો છે અને ૨જી ઓક્ટો. સુધીમાં ૧૦૦ ટકા લક્ષ્યાંક પ્રાપ્તીના ધ્યેય સાથે તંત્ર આ અભિયાનની કામગીરી કરી રહેલ છે.

### થાંભલા ઝોખમી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જયાર કોઈ કિસ્સામાં થાંભલા જોખમી હાલતમાં હોય તો તેને પણ દુર કરી નવા થાંભલા મુકવામાં આવી રહ્યા છે. અગાઉ ગ માર્ગ પર નવા થાંભલા નાંખવામાં આવ્યા હતા. એલ ઈ ડી પ્રોજેકટ અસ્તિત્વમાં આવ્યા બાદ સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો ઘટી હોવાનુ મનાઈ રહ્યુ છે. શહેરમાં અંદાજિત ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના થાંભલા છે. જયારે જુના અને કંગાળ થાંભલાને કલરકામ કરવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી છે આ ઉપરાંત થાંભલાના ઢાંકણો પણ ચોરી થતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

### પ્રદર્શન યોજાયું

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

નિર્ણયોની હારમાળા થકી ભારતની વૈશ્વિક છબીને ઉજાગર કરી છે.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રભારી અને ગાંધીનગર લોકસભાના ઈન્ચાર્જ ડૉ. હર્ષદભાઈ પટેલે કહ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમનું સમગ્ર જીવન ખેડૂતો, દલિતો, મહિલાઓ, કચડાયેલા વર્ગ, છેવાડાના માનવી અને યુવાનોના જીવનધોરણના ઉત્કર્ષ માટે સમર્પિત કર્યુ છે.

જિલ્લા ભાજપા અધ્યક્ષ અનિલભાઈ પટેલે કહ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રત્યેક ભારતીયની વિચારશૈલી અને ભારતની રાજકીય કાર્યશૈલી અને સંસ્કૃતિને બદલવાનું અકલ્પનીય કાર્ય કર્યુ છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની અડગ નિર્ણયશક્તિ, મક્કમ મનોબળ અને મજબૂત સંકલ્પશક્તિનો પરિચય સર્વે નાગરિકોએ અનુભવ્યુ છે.

### બેટરી ચોરી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગતિ નિયંત્રણ જળવાય તેમજ સેકટરોના એપ્રોચ માર્ગો પરથી મુખ્યમાર્ગ તરફ આવતા વાહનચાલકો માર્ગ અકસ્માતનો ભોગ ન બને તે માટે વિવિધ જંકશન પર સોલાર બ્લિન્કર્સ મુકવામાં આવ્યા છે. શહેરના મુખ્યમાર્ગોને અનુલક્ષી નગરના વિવિધ માર્ગો પર અંદાજિત ૨૧૦ જેટલા સોલાર બ્લિન્કર્સ મુકવામાં આવ્યા છે. આ માટે અંદાજિત રૂ ૨૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ સોલાર બ્લિન્કર્સની બેટરી વારંવાર ચોરાઈ જતા આ યોજનાનો હેતુ સરતો નથી. કેટલાક ઠેકાણે તોફાની અને ચોર તત્વોએ આ પ્રકારના બ્લિન્કર્સ નીચે પાડી દીધા છે. અત્યાર સુધીમાં અંદાજિત ૬૦ જેટલા બ્લિન્કર્સની બેટરી પણ ચોરાઈ ગઈ છે. જેના લીધે માર્ગ સલામતીને અસરકારક આ બ્લિન્કર્સ લબુક જબુક થતા નથી. આ મામલે તંત્ર દ્વારા પોલીસને પણ જાણ કરવામાં આવી છે. અગાઉ સે-૬ અને સે-૭ વચ્ચે ઘ માર્ગના એપ્રોચને અનુલક્ષી મુકવામાં આવેલા બ્લિન્કર્સની બેટરી પણ ચોરી થઈ ગઈ હતી. નગરના મુખ્યમાર્ગ પર પોલીસ ચોકી નજીક પણ તસ્કરોએ હાથફેરો કરી લીધો હતો. જયારે વિવિધ જંકશનને અનુલક્ષી મુકવામાં આવેલા આ બ્લિન્કર્સ મુકવા પાછળનો મુખ્ય હેતુ વાહનોમાં ગતિ નિયંત્રણ જળવાય અને માર્ગ અકસ્માતો અટકાવી શકાય સેકટરોના એપ્રોચ માર્ગો પરથી પસાર થતા વાહનોની સંખ્યા પણ વધી છે. જેને અનુલક્ષી મુખ્યમાર્ગો પરથી બેફામ ગતિએ આવતા વાહનો સાથે સેકટરોના એપ્રોચથી મેઈન રોડ પર એન્ટ્રી લેતા વાહનો અકસ્માતને ભેટે છે. જેને ટાળવા માટે આ પ્રકારના બ્લિન્કર્સ મુકાયા છે. પંરતુ બેટરી ચોરીના ઉપદ્રવના લીધે લાખોના ખર્ચે મુકાયેલા બ્લિન્કર્સ બિન ઉપયોગી બની રહ્યા છે.

### વિશ્વ વિક્રમ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સુધીમાં એક કરોડ સુધી વેક્સિન આપી દેવામાં આવી હતી. જયારે ૧.૫૦ કરોડ ડોઝ સુધી પહોંચવામાં માત્ર ૧૦૦ મિનિટનો સમય થયો હતો. ૩.૨૦એ આ આંકડો ક્રોસ કરી દેવામાં આવ્યો હતો. માનવામાં આવે છે કે, શુક્રવારે અંદાજે દોઢ કરોડ ડોઝનો રેકોર્ડ બનાવવામાં આવી ગયો છે. ૫ વાગ્યા દરમિયાન ૨ કરોડ લોકો એ વેક્સિનેશન લઈ લીધાની માહિતી કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરેલ કોવિન વેબસાઈડ પરથી મળી હતી. આવી આશા એટલા માટે છે કારણકે દેશમાં અંદાજે એક લાખ સાઈટ પર વેક્સિનેશન કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આ જન્મ દિવસ એટલા માટે પણ ખાસ છે કારણકે આ જ વર્ષે તેમને સક્રિય રાજકારણમાં આવે ૨૦ વર્ષ પૂરા થાય છે. ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ તેઓ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા. અને ત્યારથી અત્યાર સુધી તેઓ મુખ્યમંત્રી અને વડાપ્રધાનના પદ પર રહ્યા છે.

### તોફાની તેજી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

શેર બજારોમાં છેલ્લા ત્રણ દિવસની તેજીને લીધે રોકામકારોની સંપત્તિમાં ૪.૪૬ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે. રેકોર્ડ તેજીની સાથે બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું બજારમાં રોકામ છેલ્લા ત્રણ દિવસમાં ૪,૪૬,૦૪૩.૬૫ કરોડ રૂપિયા ઉછળીને રેકોર્ડ ૨,૬૦,૭૮,૩૫૫.૧૨ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. રૂપિયો શુક્રવારે શરૂઆતના કારોબારમાં અમેરિકન ડોલરના મુકાબલે છ પૈસાની તેજી સાથે ૭૩.૪૬ પર પહોંચી ગયો.

વિદેશી મુદ્રા કારોબારીઓએ કહ્યું કે અમેરિકન મુદ્રાની વ્યાપક નબળાઈ અને વિદેશી કોષોની સતત આવકે રૂપિયાને મજબૂતી આપી જ્યારે ક્રૂડ ઓઈલની કિંમતોમાં તેજીએ આ વૃધ્ધિને સિમિત કરી.

આંતર બેંક વિદેશી મુદ્રા વિનિમય બજારમાં રૂપિયો ડોલરના મુકાબલે ૭૩.૪૯ પર ખુલ્યો અને પછી તેના પાછળા બંધ ભાવના મુકાબલે છ પૈસા વધીને ૭૩.૪૬ પર પહોંચી ગયો.

### સેવાયજ્ઞ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

શિબિર, સ્વચ્છતા અભિયાન, વૃદ્ધાશ્રમમાં સેવા જેવા કાર્યોમાં ભાગ લઈ શકે છે. લોકોને જન્મદિવસની શુભેચ્છા સંદેશ સાથે દેશની સેવા કરવાનો સંકલ્પ લેવાની અપીલ કરવામાં આવી છે. ખાસ વાત એ છે કે પ્રધાનમંત્રી મોદીએ તેમનો ૭૧ મો જન્મદિવસ સામાન્ય દિવસની જેમ વ્યસ્ત દિનચર્યા સાથે અને કોઈપણ ઉજવણી વગર પસાર કર્યો હતો. ભાજપે દિલ્હી મુખ્યાલયમાં સેવા અને સમર્પણ અભિયાન કાર્યક્રમ શરૂ કર્યો હતો. આ કાર્યક્રમ ૭ ઓક્ટોબર સુધી ચાલશે. પ્રધાનમંત્રી મોદીની રાજકીય યાત્રાના ૨૦ વર્ષ પણ ૭ ઓક્ટોબરે પૂર્ણ થઈ રહ્યા છે. તેમજ ભાજપ યુવા સંગઠન આ દિવસે રક્તદાન શિબિરનું આયોજન કરશે. આ અભિયાનમાં ભાજપના કાર્યકરો ગામડે ગામડે, ઘરે ઘરે જઈને વિવિધ કાર્યક્રમો દ્વારા સંપર્ક કરશે અને વાતચીત કરશે, સેવા કાર્ય કરશે. આ અભિયાનમાં મોરચા અને સેલના કાર્યકરો પણ ભાગ લેશે. આ અભિયાન અંતર્ગત ૧૭ સપ્ટેમ્બરથી ૨૦ સપ્ટેમ્બર સુધી સ્વાસ્થ્ય પરીક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. મેડિકલ સેલ આનું સંકલન કરી રહ્યું છે. યુવા મોરચાના કાર્યકરો રક્તદાન શિબિરનું આયોજન કર્યુ છે. જ્યારે, અનુસૂચિત મોરચાના કાર્યકરોએ ગરીબ વસાહતોમાં ફળો અને અન્ય જરૂરી વસ્તુઓનું વિતરણ કરીને સેવા કાર્ય કર્યું હતું. બીજી બાજુ, પછાત વર્ગના કામદારો અનાથાશ્રમ અને વૃદ્ધાશ્રમમાં જશે અને ફળ વિતરણ અને અન્ય સેવા કાર્ય કરાયા હતા. સેવા અને સમર્પણ અભિયાન હેઠળ કિસાન મોરચા દ્વારા કિસાન સન્માન દિવસનું આયોજન કરીને ૭૧ ખેડૂતો અને ૭૧ જવાનનું સન્માન કરવામાં આવશે. કોરોના સમયગાળા દરમિયાન સેવા કાર્ય કરનાર ૭૧ મહિલાઓનું સન્માન કરવાનું કાર્ય મહિલા મોરચા દ્વારા કરવામાં આવશે.